જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૭/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૩,૦૮,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## એલ.સી.બી. ઝોન-૧

## વાડજમાં ઓમ એન્ટરપ્રાઇઝ નામે દેશના અર્થતંત્રને નુકશાન કરી પોતાના આર્થિક ફાયદા સારૂ શેરબજારનુ ડબ્બાટ્રેડીંગનુ કામકાજ કરતા ઇસમ પાસેથી કુલ્લે કિ.રૂ.૧૪,૫૯,૩૯૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા શ્રી ડો લવિના સિંન્હા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ I/c એલ.સી.બી ઝોન-૧ પો.સબ ઇન્સ.શ્રી એચ.એચ.જાડેજા તથા આસી.સબ ઈન્સ.શ્રી જે.એમ.યાદવ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા પો.કોન્સ. દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ મહિપતસિંહ નરસિહભાઈ બ.ન-૧૦૨૧૨ તથા પો.કોન્સ. વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ તથા પો.કોન્સ. પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારના પ્રોહી જુગારની પ્રવૃત્તિ ઉપર અસરકારક રેઈડો કરી ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબુદ કરવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ. વિપુલસિંહ પીરાજીનાઓની બાતમી આધારે આરોપી નામ સુનીલ પરષોત્તમભાઇ પટેલ ઉ.વ.૪૨ રહે.૧૬ યશ ભુમી એપાર્ટમેન્ટ રાધાકૃષ્ણ મંદિર પાસે ગેવર કોમ્પલેક્ષ શાહીબાગ અમદાવાદ શહેરનાઓ પાસેથી (૧) હાર્ડડીસ્ક નંગ-૦૧.કિ.રૂ.૪૫૦૦/- તથા (૨)મો.ફોન નંગ-૦૧ કિ.રૂ.૨૦,૦૦૦/- તથા (૩) ભારતીય ચલણની ચલણી નોટ રૂ.૨,૨૬,૮૯૦/- તથા (૪) થાઇલેન્ડ દેશની ચલણી નોટ નંગ-૬ તથા (૫) ઓફીસનુ લાઇટ બીલ કિ.રૂ.૦૦/૦૦ તથા (૬) હિસાબનાકાગળો નંગ-૧૮૨ કિ.રૂ.૦૦/૦૦તથા (૭) પેન્સીલ નંગ-૦૧ કિ.રૂ.૦૦/૦૦ તથા (૮) ઇન્ટેક્ષકંપનીનુસી.પી.યુ જેમાં સર્વર કિ.રૂ.૮૦૦૦/- તથા (૯) એક કાળા કલરની ડાયરી કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા (૯) એક કીયા ગાડી નંબર GJ.01.KX.8258 કિ.રૂ.૧૨,૦૦,૦૦૦/- તમામ મળી કુલ્લે કિ.રૂ.૧૪,૫૯,૩૯૦/- ના મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. 11191023220535 ધી ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એકટ-૬૬,૬૬(ડી) તથા સીક્યુરીટીઝ કોન્ટ્રાકટસ (રેગ્યુલેશન) એકટ સને-૧૯૫૬ની કલમ-૨૩(ઇ)(એફ)(જી)(એચ) તથા જુગાર ધારા કલમ-૪,૫ મુજબથી ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી ૬૫,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ** મનોજસિંહ તેરાસિહ રાજુની (રહે.રબારી વાસ ચાંદખેડા ગામ ચાંદખેડા) એ તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૧૦/૦૭/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા-મોટેરા અશોક વિહાર સર્કલની બાજુમા સંસ્કુત કોમ્પ્લેક્ષ ખાતે દુકાન નંબર-૬ ના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી કોમ્પ્યુટર રાઇઝ મશીન ‘’X100PAD2 PRO’’ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- તથા એકસહોર્સ કંપનીના “પ્રોગાર્મીગ કી રિમોટ અને સેંસર” નંગ-૪૦ તથા બેટરી અને ચાવીના કિચનના બોકસ નંગ-૧૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૧/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** શક્તિસિંહ વિનયસિંહ ડાભી (ઉ.વ.૪૧) (રહે.પદ્માવતી સોસાયટી મામા ચાર રસ્તા નરોડા) તા.૧૧/૦૭/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે વિજય પાર્ક ચાર રસ્તા નજીકથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલના ચાલકે શક્તિસિંહની ગાડી ઉભી રખાવી વાતોમાં વ્યસ્ત રાખી શક્તિસિંહની નજર ચુકવી કારમાંથી બેગ ચોરી કરી લઈ નાસી ગયો હતો. જે બેગમાં રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ શક્તિસિંહ ડાભીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૨**

**માધવપુરાઃ** ગણેશભાઇ બાબુભાઇ પટણી (ઉ.વ.૩૭) (રહે. નીલકંઠ એપાર્ટમેન્ટ ઇદગાહબ્રીજ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રજ્ઞેશભાઇ દશરથલાલ ચલાવે છે.

**ખોખરાઃ** નેલ્સન ડેવીડ રૂફસ (ઉ.વ.૪૦) (રહે. મોર્ય ફ્લેટ સંજીવની હોસ્પીટલ પાસે ઇડલી ચાર રસ્તા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૨ કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે પ્લાસ્ટીકના પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી